# કંડલા ચેમ્બરના હોદ્દેદારોએ પૂર્વ કચ્છ એસપી સાગર બાગમારની લીધી શુભેચ્છા મુલાકાત



ગાંધીધામ - કચ્છ ઉદય : ગાંધીધામ ખાતે કંડલા ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન દ્વારા ઈસ્ટ કચ્છના પોલીસ અધિક્ષક સાગર બાગમાર, આઈપીએસની શુભેચ્છા મુલાકાત લેવામાં આવી હતી. આ મુલાકાત દરમિયાન ચેમ્બર દ્વારા વેપાર-ઉદ્યોગ જગતને લગતા વિવિધ મુદ્દાઓ અંગે સૌહાર્દપૂર્ણ વાતચીત કરી હતી.કંડલા ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન કચ્છના વેપાર અને ઉદ્યોગ ક્ષેત્રના હિતોનું પ્રતિનિધિત્વ કરતી પ્રતિષ્ઠિત સંસ્થા છે. ચેમ્બર દ્વારા વેપાર-વાણિજ્યના વિકાસ, પ્રોત્સાહન અને વેપારી સમુદાયના પ્રશ્નોને યોગ્ય સત્તાધિકારીઓ સમક્ષ રજૂ કરવાની કામગીરી કરવામાં આવે છે. આ શુભેચ્છા મુલાકાત દરમિયાન ચેમ્બરના અધ્યક્ષ દિનેશ ગુપ્તા, મંત્રી જિતેન્દ્ર જૈન (સેઠિયા), સહમંત્રી મયંક સિંઘવી, ખજાનચી જિગર પટેલ તથા કારોબારી સભ્ય નંદલાલજી ગોયલ ઉપસ્થિત રહ્યા હતા.ચેમ્બર પરિવાર તરફથી સાગર બાગમાર, આઈપીએસનું મોમેન્ટો, કચ્છી શાલ તથા પુષ્પગુચ્છ અર્પણ કરી સન્માન કરવામાં આવ્યું હતું. મુલાકાત દરમિયાન ઈસ્ટ કચ્છના વેપાર-ઉદ્યોગ ક્ષેત્રમાં સલામતી, કાયદો અને વ્યવસ્થા તથા વેપારી સમુદાય સાથે પોલીસ તંત્રના સુમેળભર્યા સંબંધો અંગે પણ ચર્ચા કરવામાં આવી હતી. મુલાકાત સૌહાર્દપૂર્ણ વાતાવરણમાં સંપન્ન થઈ હતી અને વેપાર-ઉદ્યોગના વિકાસ સાથે સુરક્ષિત અને સુવ્યવસ્થિત વાતાવરણ જાળવવા માટે પરસ્પર સહકારની ભાવના વ્યક્ત કરવામાં આવી હતી.

દિવ્ય ભાસ્કર ભુજ 08-10-2026

# કંડલા ચેમ્બર દ્વારા એસપી સાગર બાગમારની શુભેચ્છા મુલાકાતઃ વેપાર-ઉદ્યોગ, કાયદો-વ્યવસ્થા અંગે ચર્ચા કરાઇ

ગાંધીધામ ખાતે કંડલા ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન દ્વારા ઈસ્ટ કચ્છના પોલીસ અધિક્ષક (SP) સાગર બાગમારની એક શુભેચ્છા મુલાકાત લેવામાં આવી હતી. મુલાકાત વેળાએ ચેમ્બર પરિવાર તરફથી એસપી સાગર બાગમારનું મોમેન્ટો, કચ્છી શાલ તથા પુષ્પગુચ્છ અર્પણ કરીને ભાવભીનું સન્માન કરવામાં આવ્યું હતું. ચર્ચા દરમિયાન ઈસ્ટ કચ્છ ક્ષેત્રમાં વેપાર અને ઉદ્યોગ જગતની સલામતી, કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ તેમજ વેપારી સમુદાય અને પોલીસ તંત્ર વચ્ચે પરસ્પર સુમેળભર્યા સંબંધો જાળવી રાખવા અંગે ભાર મુકાયો હતો. વેપાર-ઉદ્યોગના વિકાસ માટે સુરક્ષિત અને સુવ્યવસ્થિત વાતાવરણ પૂરું પાડવા બંને પક્ષે પરસ્પર સહકારની ભાવના વ્યક્ત કરી હતી. આ શુભેચ્છા મુલાકાતમાં કંડલા ચેમ્બરના પ્રમુખ દિનેશ ગુપ્તા, મંત્રી જિતેન્દ્ર જૈન (સેઠિયા), સહમંત્રી મયંક સિંઘવી, ખજાનચી જીગર પટેલ તથા કારોબારી સભ્ય નંદલાલજી ગોયલ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. નોંધનીય છે કે, કંડલા ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ એ કચ્છના વેપાર-ઉદ્યોગ ક્ષેત્રનું પ્રતિનિધિત્વ કરતી અગ્રણી સંસ્થા છે, જે વેપારીઓના પ્રશ્નોને યોગ્ય સત્તાધિકારીઓ સમક્ષ રજૂ કરવાની કામગીરી કરે છે.

